# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-01-2026 Day: Tuesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## નાયબ મુખ્યમંત્રી-WEFમાં ભાગ મિલાન પહોંચ્યા:

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળનું રાજ્ય સરકારનું ઉચ્ચ સ્તરનું પ્રતિનિધિમંડળ ગઈકાલે મિલાન પહોંચતાં લોકોએ ભવ્ય સ્વાગત કર્યું. વિમાનમથક પર શ્રી સંઘવીએ લોકો સાથે સંવાદ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આ પ્રતિનિધિમંડળ સ્વિત્ઝર્લેન્ડના દાવોસમાં 23 જાન્યુઆરી સુધી યોજાનારી વર્લ્ડ ઇકોનોમિક ફોરમ – WEFમાં ભાગ લેશે. તેમાં ગુજરાત રાજ્ય વિકસિત ગુજરાતની વ્યૂહરચના અને મજબૂત ઔદ્યોગિક વારસાને રજૂ કરશે. આ વાર્ષિક બેઠકમાં ગુજરાતને વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર તરીકે રજૂ કરાશે. તેમજ આ બેઠકમાં રાજ્યની ભાગીદારી રાજ્યના આર્થિક ઉત્થાન માટે નવી ક્ષિતિજ ખોલશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

--------------------------------------------------------------------------------

## "આપકી પુંજી  આપકા અધિકાર":

"આપકી પુંજી  આપકા અધિકાર" નામના રાષ્ટ્રવ્યાપી નાણાકીય જાગૃતિ અભિયાન હેઠળ, ગુજરાતમાં ૧૦૪ કરોડ રૂપિયાથી વધુ મૂળ ખાતાધારકોને પરત કરવામાં આવ્યા છે. ગયા મહિનાના અંત સુધીમાં, રાજ્યમાં કુલ ૨૬,૮૭૪ દાવાઓનું સફળતાપૂર્વક સમાધાન કરવામાં આવ્યું હતું, જેનાથી સામાન્ય પરિવારોની મહેનતથી કમાયેલી બચત તેમના હકદાર માલિકો સુધી પહોંચી શકી.

--------------------------------------------------------------------------------

## પોલીસ ભરતી બોર્ડ દ્વારા ભરતી પ્રક્રિયા:

ગુજરાત પોલીસ ભરતી બૉર્ડ દ્વારા 13 હજાર 591 જગ્યાઓની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ જાહેરાત હેઠળ 10 લાખથી વધુ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. તમામ ઉમેદવારોને શારીરિક ક્ષમતા કસોટી અને શારીરિક માપ કસોટી માટે 21 જાન્યુઆરીથી રાજ્યના નિર્ધારિત 15 શહેર, જિલ્લા, SRP જૂથ, તાલિમ કેન્દ્રના પરીક્ષા કેન્દ્ર ખાતે બોલાવવામાં આવશે.

---

## પ્રખરતા શોધ કસોટી માટે પ્રવેશ પત્ર:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી 28 જાન્યુઆરીએ ધોરણ નવના વિદ્યાર્થીઓની પ્રખરતા શોધ કસોટી લેવાશે. આ માટે વિદ્યાર્થીઓ પોતાના પ્રવેશપત્ર બોર્ડની વેબસાઇટ GSEB.ORG અથવા TST.GSEBHT.IN પરથી શાળા દ્વારા ડાઉનલોડ કરી શકશે. તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

## વેકરીયા ખાતે અશ્વદોડ:

જીલ્લાના વેકરિયાનાં રણમાં કચ્છ અશ્વપાલક ગ્રુપ દ્વારા ત્રણ દિવસની મોટી રેવાલ, નાની રેવાલ, રાઉન્ડ રેસ, ગેલ્ફ દોડ સહિતની છ જાતની અશ્વ દોડ યોજાઈ હતી. જેમાં વિવિધ નસલના 250 ઘોડાએ ભાગ લીધો હતો. મુખ્ય દોડમાં મહત્ત્વની રેવાલ ચાલ સ્પર્ધામાં કચ્છની ઝમકુ નામની ઘોડી પ્રથમ ક્રમાંકે આવી હતી. આ પ્રસંગે સાંસદ વિનોદભાઇ ચાવડાએ કચ્છના ઘોડાઓની ખાસિયત અંગે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ઘોડા ઉછેર, અશ્વદોડ વિગેરે બાબતોમાં પ્રોત્સાહન પૂરું પાડવામાં આવતું રહે છે, તેમજ આગામી સમયમાં હવે ખાસ મંડળીની રચના કરી ઘોડા ઉછેરને વિશેષ મહત્ત્વ મળી રહે તે માટે પશુપાલન મંત્રીને ભલામણ કરાશે.

---

## જાહેરનામુ:

દેશપલ ગુથલીથી હાજીપીર સુધીના 32 કિલોમીટર સુધીના માર્ગના મજબુતીકરણનું કામ હાથ ધરાયુ છે, ત્યારે માર્ગ પર ભારે વાહનો માટેની પ્રવેશબંધીનું જાહેરનામુ બહાર પડાયુ છે. આ રસ્તાપર ચાલતા કામ સાથે ભારે વાહનોને કારણે રસ્તાનું કામ નબળુ થવાની ભીતીને પગલે આ વિસ્તારના અગ્રણીઓએ ભારે વાહનોને અન્ય વૈકલ્પિક માર્ગે ચલાવવા રજુઆત કરી હતી.

---

## ગુજરાત પ્રદેશ ભાજપ કારોબારી:

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીની કારોબારી તેમજ વિશેષ આમંત્રિતો મળી 106 સભ્યોની નિયુકિત કરવામાં આવી છે. પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વ કર્માના સંગઠનમાં ઉપપ્રમુખ મહામંત્રીઓ મંત્રીઓની અગાઉ વરણી કરવામાં આવી હતી. પક્ષના વિશેષ આમંત્રિતોમાં કચ્છમાંથી અરજણ રબારીની નિયુક્તિ થઈ છે. એ અગાઉ માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધ દવેને મહામંત્રીપદે નિયુક્ત કરાયા હતા.

---

## ક્રિકેટ:

મહિલા પ્રીમિયર લીગ મેચના 11માં મુકાબલામાં રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમે ગુજરાત જાયન્ટસ ટીમને 61 રને હરાવી એક વધુ સફળતા મેળવી છે. વડોદરા ખાતે રમાયેલ મેચમા બેંગલોરની ટીમે 6 વિકેટના ભોગે 178 રન કર્યા હતા. ગૌતમી નાઈકે સહુથી વધુ 73 રન કર્યા હતા. જવાબમાં ગુજરાતની ટીમ નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટે 117 રન કરી શકી હતી. સુકાની એશ્લે ગાર્ડનરે સહુથી વધુ 56 રન કર્યા હતા.

---

## હવામાન:

છેલ્લા ત્રણ ચાર દિવસથી લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાવાના પગલે ઠંડીથી રાહત મળી હતી. પરંતુ ફરી એકવાર લઘુત્તમ ઉષ્ણતામાનમાં ઘટાડો નોંધાતા હવામાન વિભાગના જણાવ્યા અનુસાર કેટલાક વિસ્તારોમાં ઠંડીનું પ્રમાણ યથાવત રહેવાની શક્યતા છે. ઉત્તર અને ઉતરપુર્વ દિશાથી આવતા પવનોના કારણે રાત્રીના તાપમાનમાં વધુ ઘટાડો થઈ શકે છે. રાજ્યમાં સૌથી નીચુ ઉષ્ણતામાન નલિયા ખાતે 11 ડિગ્રી સેલ્શિયસ નોંધાયુ હતું.ભુજ ખાતે 15.6 જયારે કંડલા ખાતે 15.5 ડિગ્રી સેલ્શિયશ લઘુત્તમ ઉષ્ણતામાન નોંધાયુ હતું. મહત્તમ ઉષ્ણતામાન 28 ડિગ્રી આસપાસ રહેતા દિવસે ઠંડીમાંથી રાહત મળી હતી.

---